# ૧૧ માસની દિકરી સાથે આલમપુરની પરિણીતા ગુમ

## પરિવારજનો લગ્ન પ્રસંગમાં વ્યસ્ત હતા ત્યારે રાત્રે પરિણીતા ચાલી ગઈ હતી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલા આલમપુર ગામમાં રહેતી ૨૧ વર્ષીય પરિણીતા જીનલબેન અમીતભાઈ પટેલના ત્રણ વર્ષ અગાઉ લગ્ન થયા હતા. તેમને ૧૧ માસની પુત્રી પણ છે. ગઈ કાલે તેમના પરિવારજનોમાં નજીકમાં એક લગ્નપ્રસંગ હોવાથી તેમાં વ્યસ્ત હતા તે દરમિયાન જીનલબેન તેમની ૧૧ માસની દિકરી પીયુને લઈને કોઈને કાંઈ કહ્યા સિવાય ઘરેથી ચાલ્યા ગયા હતાં. પરિવારજનોએ રાતભર કરેલી શોધખોળ બાદ પણ કોઈ સગડ ન મળતા પતિ અમિતે ગુમ થયા અંગે ચિલોડા પોલીસ મથકે જાણવા જોગ અરજી આપતા પોલીસે શોધખોળ આરંભી છે. પરિણીતાએ શરીરે કૉફી કલરનો ડ્રેસ પહેર્યો છે, રંગે શ્યામ વર્ણની અને પાતળા બાંધાની જીનલબેનનો હજુ સુધી કોઈ પત્તો ન લાગતા પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા છે.

# સીધી ભરતી હેઠળના કર્મચારીઓ છૂટા કરાયા પણ મકાન ખાલી કરતા નથી

## ૧૦૦ જેટલા કિસ્સામાં તંત્ર હવે કોર્ટ કેસ દાખલ કરશે

ગાંધીનગર, તા. ૧

સીધી ભરતી હેઠળના છૂટા કરાયેલા કર્મચારીઓ નોટીસના અંતે પણ આવાસ ખાલી ન કરતા આવા કિસ્સામાં હવે કોર્ટ કેસ દાખલ કરવામાં આવશે. તંત્ર દ્વારા આવા ૧૦૦ કબ્જેદારો સામે કોર્ટ કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

શહેરના સરકારી આવાસો અગાઉ કર્મચારીઓની બદલી અને નિવૃત્તિના કિસ્સામાં પણ ખાલી ન થતા ગેરકાયદેસર કબજો ધરાવતા કબજેદારો સામે કોર્ટ કેસ દાખલ કરી આવાસો ખાલી કરાવાયા હતા જ્યારે પેટાભાડુઆતોનું કૌભાંડ ધ્યાને આવતા પણ તંત્ર દ્વારા કડક વલણ અપનાવી આવાસોને ગેરકાયદેસર કબ્જામાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આવાસોના ઉપયોગમાં હેતુફેર ન થાય તે માટે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો. જ્યારે હવે સીધી ભરતી હેઠળના કર્મચારીઓને પણ મકાનો ખાલી કરવા તંત્ર કક્ષાએથી નોટીસ આપવામાં આવી છે. અગાઉના મંત્રી સ્ટાફમાંથી છૂટા કરાયેલા સીધી ભરતી હેઠળના કર્મચારીઓને નિયમ મુજબ આવાસ ખાલી કરી દેવા અગાઉ તંત્ર કક્ષાએથી નોટીસના માધ્યમથી તાકીદ કરવામાં આવી હતી. આમછતાં ૧૦૦ જેટલા કર્મચારીઓ હજુ સરકારી આવાસમાં નિયમ વિરૂદ્ધ કબજો ધરાવતા હોવાનું ધ્યાને આવ્યું છે. નોટીસ બાદ પણ મકાનો ખાલી ન કરાતા તંત્ર દ્વારા ગેરકાયદેસર કબ્જેદારો સામે કોર્ટ કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

# જલારામ મંદિર ખાતે આજથી ભાગવત કથા યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જલારામ મંદિર સે-૨૯ ખાતે ભાગવત કથા જ્ઞાન યજ્ઞનું આયોજન આવતી કાલથી થઈ રહ્યું છે. કથાનું રસપાન મુંજાલભાઈ દવે (મુંજ દેવ મહારાજ) દ્વારા કરાવવામાં આવશે. ભાગવત કથા સ્વ. નરશીદાસ રતનશી દંતાણી, સ્વ. લીલાધર રતનશી દંતાણી તેમજ સકલ પિતૃઓના સ્મરણાર્થે તથા મોક્ષાર્થે પ્રવિણાબેન દંતાણી તથા ધવલ દંતાણી દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. કથાની પોથીયાત્રા ૨જી મેને ગુરુવારે સવારે ૧૦ કલાકે તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૩૮/૧ મહાવીરનગર સોસાયટી, સેકટર-૨૧ ખાતેથી નિકળીને કથા શ્રવણનો સમય સવારે ૧૦ થી ૧૨.૩૦ અને સાંજે ૪ થી ૬.૩૦ સુધીનો રહેશે. કથામાં નૃસિંહ જન્મોત્સવ, વામન જન્મોત્સવ, રામ જન્મોત્સવ, કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન ઉત્સવ અને રૂક્ષ્મણી વિવાહ ના ભાગવત કથાના પાવન ઉત્સવોનું સંગીતમય રસપાન કરાવાશે.

# ગાંધીનગર શહેર પેન્શનર્સની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા ગાંધીનગર કાર્યવાહક સમિતિની એક તાકીદની બેઠક ૨ મે-૨૦૧૩ના રોજ સાંજે ૪ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને યોજાશે. જેમાં તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કાર્યક્રમની રૂપરેખા નક્કી કરવા આ સિવાય કાર્યવાહક સમિતિ દ્વારા જરૂરી સૂચનો થાય તે પણ ચર્ચાવિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં કાર્યવાહક સમિતિના તમામ સદસ્યોએ હાજર રહેવા સંસ્થાના મહામંત્રી કે.ઓ. વ્યાસ દ્વારા સૂચન કરવામાં આવ્યું છે.



## એન.એસ.યુ.આઈ. દ્વારા સ્થાપના દિનની ઉજવણી કરાઈ

કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એન.એસ.યુ.આઈ. દ્વારા રાજયના સ્થાપના દિન નિમિત્તે શહેરની પોલીટેકનીક કોલેજમાં વૃક્ષારોપણ કરી સ્થાપના દિનની ઉજવણી કરી હતી અને રાજય સરકાર દ્વારા કરવામાં આવેલી ઉજવણી સામે નાણાંનો વ્યર્થ થઈ રહ્યો છે તેનો રોષ પણ વ્યકત કર્યો હતો.

ગાંધીનગર ખાતે રાજયના ૫૩મા સ્થાપના દિન નિમિત્તે એન.એસ.યુ.આઈ. દ્વારા ૫૩ વૃક્ષો વાવી જતન કરવાની નેમ લેવામાં આવી હતી. આ પ્રસંગે રાજય સરકાર કરોડો રૂપિયાના એંધાણ કરી સરકારી તિજોરી ખાલી કરી રહી છે તેમજ ગુજરાતના વિકાસમાં વિદ્યાર્થીઓએ આપેલા યોગદાન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે એન.એસ.યુ.આઈ.ના મહામંત્રી ગુલાબસિંહ રાજપૂત, પ્રદેશ મહામંત્રી અંકિત બારોટ, જિલ્લા પ્રમુખ રાજદિપસિંહ ગોલ, મહાનગરપાલિકાના કાઉન્સીલર હર્ષ પંડયા, મંત્રી આકાશ ચાવડા કોલેજ પ્રમુખ શ્યામ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

# હવે, ગુજરાતી પુસ્તકો ઓનલાઈન વાંચી શકાશે

## ગુજરાતી પુસ્તકોની વધેલી માંગને પગલે રૂ. ૧ કરોડના ખર્ચે પુસ્તકોનું ડિઝટલાઈઝેશન કરાશે : ખાનગી કોન્ટ્રાકટ આપી બુક સ્કેનીંગ કામગીરી શરુ કરી દેવાઈ

ગાંધીનગર, તા.૧

ગુજરાતી સાહિત્ય હવે કોમ્પ્યુટરનાં એક સીંગલ કલીકમાં હાથવગુ થઈ જશે. ગુજરાતી પુસ્તકોની વધી રહેલી તીવ્ર માંગને ધ્યાને લઈને સરકાર દ્વારા ગુજરાતી પુસ્તકોને સ્કેનીંગ કરાવી ઓનલાઈન મુકવા કામગીરી હાથ ધરવામાં આવી છે. રૂ. ૧ કરોડના ખર્ચે અંદાજે ૭૦ હજાર જેટલા ગુજરાતી પુસ્તકો ડીઝીટલાઈઝેશન કરવામાં આવશે તે માટે આપી દેવામાં આવેલા કોન્ટ્રાકટ અંતર્ગત ગાંધીનગર વડોદરા અને મહેસાણાની મધ્યસ્થ ગ્રંથાલયમાં સ્કેનીંગ મશીનો લાવીને મુકી દેવામાં આવ્યા છે અને બુક સ્કેનીંગ કામગીરી શરુ કરી દેવામાં આવી છે.



અંગ્રેજી, હિન્દી સાહિત્ય ઉપરાંત વિવિધ ભાષાનાં પુસ્તકોનું ડિઝીટલાઈઝેશન થઈ ગયું છે અને હાલ આ ભાષાના પુસ્તકો ઈન્ટરનેટના માધ્યમથી વાંચી પણ શકાય છે. પરંતુ અત્યંત સમૃદ્ધ સાહિત્ય ગણાતા ગુજરાતી સાહિત્યનું ડિઝીટલાઈઝેશન થયું ન હોવાથી હજુ સુધી ઈન્ટરનેટની દુનિયામાં પ્રવેશી શકયું નથી. ઈ-બુકસમાં ગુજરાતી પુસ્તકોની જરૂર છે. જે રીતે તેની માંગ છે...! આ બાબતને ધ્યાને લઈને ગુજરાતી પુસ્તકોને ઈન્ટરનેટ પર ઉપલબ્ધ કરવાના હેતુસર સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લઈને ગ્રાન્ટ પાસ કરવામાં આવી છે. સરકારે રૂ. ૧ કરોડની ગ્રાન્ટ ફાળવીને ખાનગી કોન્ટ્રાકટ આપી ગુજરાતી અંદાજે ૭૦ હજારથી પણ વધુ પુસ્તકોનું ડિઝીટલાઈઝેશન કરવા કામગીરી સોંપી દીધી છે. વિદેશમાં રહેતા અને ગુજરાતી સાહિત્યમાં રસ ધરાવતા ગુજરાતી પરિવારો પણ સરળતાથી ઈ-બુકનો ઈન્ટરનેટના માધ્યમથી વિદેશમાં બેઠા બેઠા લાભ લઈ શકશે. અને ગુજરાતી સાહિત્ય દેશ વિદેશ સુધી પહોંચી શકશે.

રાજયની મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર, મહેસાણા અને વડોદરાના ગ્રંથાલયોમાં ગુજરાતી પુસ્તકોના સ્કેનીંગની કામગીરી શરુ કરી દેવામાં આવી છે. આ પ્રક્રિયા માટે ગાંધીનગરની સે-૧૭ ખાતે સ્થિત ગ્રંથાલયમાં ૧૪ જેટલા બુક સ્કેનીંગ મશીનો પણ લાવી દેવામાં આવ્યા છે.

## ગોવર્ધનનાથજીની હવેલી ખાતે દર્શનના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યચરણ શ્રી મહાપ્રભુજીનો પ્રાદુર્ભાવ મહોત્સવ આગામી તારીખ ૫મી મે ૨૦૧૩ને રવિવારના રોજ વલ્લભજયંતિ નિમિત્તે હવેલીના દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવેલ છે. મંગળા-સવારે ૭.૩૦થી ૮.૦૦ વાગ્યા શૃંગાર સવારે ૧૦ થી ૧૦.૩૦ રાજભોગ સવારે ૧૧.૩૦થી ૧૨.૦૦ સુધી રહેશે તેમજ રાજભોગમાં તિલક દર્શન થશે અને સાંજના દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવેલ નથી તેમ સમાજના માનદ્ મંત્રી રસીકભાઈ ગાંધી દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## સામુહિક પ્રાર્થનાનું આયોજન

ગાંધીનગર, તા. ૧

શર્મિષ્ઠાબહેન દવેના માતૃશ્રી હેમલત્તાબાના અવસાન નિમિત્તે સામુહિક પ્રાર્થના આગામી તા. ૨ મે ગુરૂવાર સાંજે ૪ થી ૫, ૬૧/૧ સે. ૨-એ ખાતે યોજવામાં આવી છે.

## રોજગાર અને તાલિમ નિયામક કચેરીના બે કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧

રોજગાર અને તાલીમ નિયામકશ્રઈની કચેરીના અધિક નિયામક બી.એણ. પારેખ તથા સીનીયર કલાર્ક જી.એમ. વસાવા વયનિવૃત્ત થતા તેઓનો વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો હતો.

જુના સચિવાલય કેન્ટીન ખાતે સંયુક્ત નિયામક એસ.એ. પાંડવના અધ્યક્ષપણા હેઠળ આયોજીત આ નિવૃત્ત વિદાય સમારંભમાં ઉપસ્થિત સર્વે સહ કર્મચારીઓએ તેવોની કામગીરીને બિરદાવી હતી અને પોતાનું નિવૃત્તિ જીવન સુમય વિતે તે માટે શુભેચ્છા પાઠવી હતી.

## ગાંધીનગર ખાતે સ્વીમીંગ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ સ્વીમીંગ એસોસીએશન દ્વારા સ્વીમીંગ સ્પર્ધા તા. ૧૨ મે ૨૦૧૩ને રવિવારના રોજ સેક્ટર-૧૯ જીમખાના સ્વીમીંગપુલ ખાતે યોજાશે. સ્પર્ધામાં જુનીયર, તેમજ સબ જુનીયર બે ગ્રુપ માટેની ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ સ્વીમીંગ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ તા. ૧૦-મે ૨૦૧૩ સુધી ફોર્મ રાકેશ ભટ્ટ, જીમખાના સ્વીમીંગપુલ, સેક્ટર-૧૯, અથવા દિક્ષિત સકસેના ઈન્ફઓસીટી કલબ સ્વીમીંગ પુલ ભરી જમા કરવાના રહેશે. ત્યારબાદ આવનાર ફોર્મ સ્વિકારવામાં આવશે નહીં.

# પેથાપુર રામજી મંદિર ચાલી વિસ્તારમાં અસહ્ય ગંદકી : લોકો ત્રાહિમામ

## યોગ્ય સાફ સફાઈના અભાવે નર્કાગાર જેવી પરિસ્થિતિ : રહિશોના આરોગ્ય સામે ખતરો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સહેર નજીક પેથાપુર ગામમાં આવેલા રામજી મંદિરની ચાલીમાં તેમજ આસપાસના વિસ્તારમાં અસહ્ય ગંદકીને કારણએ લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગંદકીને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતાં સ્થાનિક રહિશોના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા માંમ્યો છે. સ્થાનિકો દ્વારા પાલિકામાં અનેકવાર રજુઆત કરી છે. છતાં પાલિકા દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. તેવી બૂમ સ્થાનિક રહિશોમાં ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ પેથાપુર ગામમાં આવેલ રામજી મંદિર ખાતે ૩૦થી વધુ મકાનોની ચાલી આવેલી છે. ત્યાં અત્યારે હાલમાં ૨૦ થી ૨૨ શ્રમિક પરિવારજનો વસવાટ કરે છે. વસવાટ કરતાં રહીશો દ્વારા નિયત સમયે પાલિકામાં પાણીવેરો, ગટરવેરો, સફાઈવેરો ભરવામાં આવે છે. છતાં પાલિકા દ્વારા આ વિસ્તારમાં ઓરમાયું વર્તન દાખવવામાં આવે છે. પાલિકાના કર્મીઓ રામજી મંદિરની ચાલીમાં તેમજ બહારના વિસ્તારમાં યોગ્ય સાફ સફાઈ કરવામાં ન આવતા કચરાના ઢગ ખડકાયા છે. ચાલીમાં વસવાટ કરતાં રહીશો માટે પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી. ચાલીમાં પાણી નિકાલની વ્યવસ્થા ન હોવાથી ગંદા પાણીના ખાબોચીયા ભરાઈ રહે છે. માટે અહી રહેતા ૨૦ થી વધુ પરિવારજનોને નર્કાગાર જેવી પરિસ્થિતિમાં જીવન વ્યતિત કરવાની ફરજ પડે છે. ચાલી અને બહારના ભાગે પણ સાફ સફાઈના અભાવે ગંદકીનું સામ્રાજ્ય સ્થપાયું છે. ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતા સ્થાનિક રહિશોના આરોગ્ય સામે પણ અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. સ્થાનિક રહિશો તેમજ ચાલીમા વસવાટ કરતા શ્રમિક પરિવારોએ સાફ સફાઈ અંગે અનેકવાર પાલિકામાં રજુઆત કરી છે. છતાં પાલિકાના નિદ્રાધીન અધિકારીઓની ઊંઘ ઉડતી નથી.

# જુના સચિવાલય પાસેથી મહિલાના અપહરણનો કોલ મળતા પોલીસ દોડી

## અડધો કલાક સુધી નાકાબંધી, વાહનચેકીંગ કર્યાની સાથોસાથ સચિવાલય પાસે તપાસ કરતાં એવી કોઈ ઘટના જ ન બની હોવાનું જાણવા મળ્યું...!

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના જુના સચિવાલય પાસે પીકઅપ બસસ્ટેન્ડ પાસેથી એક મહિલાનું ગાડીમાં અપહરણ થયું હોવાનો કોઈ વ્યક્તિએ ગાંધીનગર પોલીસ કંટ્રોલને કોલ કરતાં પોલીસ સમી સાંજે દોડતી થઈ ગઈ હતી. પોલીસ ઘટનાસ્થળે તાત્કાલિક પહોંચી ગઈ હતી અને બીજી તરફ શહેરના તમામ પ્રવેશદ્વારો પર નાકાબંધી કરી સઘન વાહનચેકીંગ શરૂ કરી દીધું હતું. અડધો કલાક સુધી કમર કસ્યા બાદ પણ કોઈ જ બાબત જાણવા મળી ન હતી. જુના સચિવાલયમાં અને પીકઅપ બસ સ્ટેન્ડ પાસે લારી-ગલ્લા તથા અન્ય ઉભેલા વ્યક્તિઓની તે અંગે પોલીસે પૃચ્છા કરતાં તેવી કોઈ ઘટના જ બની ન હોવાનું બહાર આવ્યું હતું. કોઈએ ફેક કોલ કરીને પોલીસને દોડાવી હોવાનું જાણવા મળ્યું છે.

ગઈકાલે સાંજના અરસામાં ગાંધીનગર પોલીસ કંટ્રોલને કોલ આપ્યો હતો કે જુના સચિવાલય પાસે પીકઅપ બસસ્ટેન્ડથી એક મહિલાનું ગાડીમાં અપહરણ કરી કેટલાક શખ્સો ભાગ્યા છે. આ મેસેજ મળતા જ કંટ્રોલ સ્થાનિક પોલીસને જાણ કરીને શહેરના તમામ પ્રવેશદ્વારો પર સઘન ચેકીંગના આદેશ આપી દઈ નાકાબંધી કરાવી દીધી હતી. સેક્ટર-૭ પોલીસ તાત્કાલિક કોલમાં બતાવેલા બનાવ સ્થળ પર પહોંચી ગઈ હતી અને ત્યાં તપાસ કરતા અને આસપાસના લોકોની પુછપરછ કરતાં આવી કોઈ ઘટનાં જ બની ન હોવાનું જાણવા મળ્યું હતું. અડધા કલાક સુધી પોલીસે દોડાદોડી કર્યા બાદ આ કોઈએ ફેક કોલ કર્યો હોવાનું બહાર આવતા એક તરફ હાંસકારો અનુભવ્યો હતો તો બીજી તરફ કોલ કરનાર શખ્સને કારણે અડધો કલાકનો સમય બગડતા અકળાઈ ગયા હતા.

## ગાંધીનગર માજી સૈનિક કલ્યાણ મંડળના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૧

'ધી ગાંધીનગર માજી સૈનિક કલ્યાણ મંડળ'ની વાર્ષિક સામાન્ય સભા ગત તા. ૨૮ એપ્રિલ-૨૦૧૩ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન સેક્ટર-૧૨ ખાતે મળી હતી. જેમાં સૈનિકોને લગતા પ્રશ્નોની ચર્ચા વિચારણા અને વર્ષ-૨૦૧૩થી ૨૦૧૫ બે વર્ષ માટે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે બાબાભાઈ પ્રજાપતિ, ઉપપ્રમુખ તરીકે જમુનાપ્રસાદ દુબે, મહામંત્રી તરીકે નરસિંહભાઈ જી. ચૌધરી, મંત્રી તરીકે ચંદ્રદિપસિંહ રાજોરા અને ખજાનચી તરીકે અહેમદ અલી સૈયદની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# માણસા તાલુકા સિનિયર સીટીઝન એસો.નું વાર્ષિક અધિવેશન યોજાયું

માણસા, તા. ૧

માણસા તાલુકા સિનિયર સીટીજન એસોસિએશનનું પ્રથમ વાર્ષિક અધિવેશન મહેસાણા દક્ષિણના માજી સાંસદ જીવાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને માણસાની ચૌધરી શાળામાં યોજાયું હતું. જેમાં ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, ગોવિંદભાઈ પટેલ અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સર્વે આમંત્રિતોને તથા વરિષ્ઠ નાગરિકોને એસો.ના પ્રમુખ જશવંતભાઈ મોદીએ સ્વાગત કરી આવકાર્યા હતા. બાદમાં મળેલી બેઠકમાં ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

આ ઠરાવોમાં ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટના બસભાડામાં વરિષ્ઠ નાગરિકોને રાહત આપવી, ૨૦૧૦-૨૦૧૧ના નેશનલ હેલ્થકેર પ્રોગ્રામ શેરે હોલ્ડરોની જોગવાઈનો યોગ્ય અમલ કરવો, દેશની વિવિધ નાણાંકીય સંસ્થાઓમાં બિન વારસી પડેલી રકમ સિનિયર સીટીઝન વેલ્ફેર ફંડમાં ટ્રાન્સફર કરવી, ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય પેન્શન યોજના મોંઘવારી પ્રમાણે રકમ વધારવી, ૧૯૯૯ની વયસ્ક નાગરિકોની રાષ્ટ્રીય નીતિનો ગુજરાત સરકાર દ્વારા પણ સ્વીકાર અને અમલી થાય તેવી ભલામણ કરવી વગેરે ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. જયારે જીવાભાઈ પટેલે હાજર વયસ્કોનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. અંતે એસો.ના નવા પ્રમુખપદે દિલીપસિંહ રાઓલની વરણી કરવામાં આવી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪
સૂર્યાસ્ત : ૬.૫૭

## તાપમાન

મહત્તમ : ૪૨.૩ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૩૯ ટકા ● સાંજે ૨૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
આઈરોન મેન (૩ડી)(હિન્દી) : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૨ :
આઈરોન મેન ૩ (૨ડી) (હિન્દી) : ૯.૧૫, ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦
એક થી ડાયન : ૨.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૩ :
આશીકી-૨ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

: સ્ક્રીન-૪ :
આશીકી-૨ : ૯.૦૦, ૧૧.૪૫, ૭.૪૫
નૌટંકી સાલા : ૨.૩૦
ચશ્મે બદ્દૂર : ૫.૦૦

### સૂર્યા, વાવોલ

આશીકી -૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રંગીલા (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
આશીકી-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
આઈરોન મેન-૩ : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
એક થી ડાયન : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦, ૯.૦૦

### ચિરાગ, કલોલ

મેં તો ઓઢી ચુંદડી તારા નામની : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

**મિથુન** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : વ્યવસાયિક યોજનો અધૂરી રહેશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરશો.

**કુંભ** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : ઈચ્છિત કાર્ય થશે. વિરોધી સમજૂતી કરશે. સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. મધુબેન ભાનુપ્રસાદ ભટ્ટ (ઉ.વ. ૬૨) બ્લોક નં. ૨૬/૧, સેકટર-૨/એ, ગાંધીનગર.
- સ્વ. શકરીબેન જેઠાલાલ સુથાર (ઉ.વ. ૬૭) બ્લોક નં. ૧૦૪૧/૧, સેકટર-૧૩/સી, ગાંધીનગર.
- સ્વ. પશીબેન ચૂંથાભાઈ પરમાર (ઉ.વ. ૮૭) ઈન્દિરાનગર, મુ.પો. મોટી આદરજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જયેશકુમાર કનૈયાલાલ જોશી (ઉ.વ. ૫૦) બ્લોક નં. ૧૦૭૩/૨, સેકટર-૩/ડી, ગાંધીનગર.